| આંક– | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૦૭.૦૮.૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૦૭.૦૮.૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૦૯.૦૪.૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ– માસ – દિન. | | |
| | | | |

## ધનસુરાના મહે. નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, ધનસુરા. જીલ્લો : અરવલ્લી.

ક્રિમીનલ કેસ નંબર– ૬૯૧/૨૦૨૫

ફરીયાદી :– **અરવિંદકુમાર પરસોત્તમભાઈ પટેલ**
ઉ.આ.પુખ્ત ,
રહે. ૫/અનુકંપા રેસીડન્સી માલપુર ચોકડી,
તા.ધનસુરા જી. અરવલ્લી.

**––– વિ રૂ ઘ્ધ –––**

આરોપી :– **ચૌહાણ વજેસિંહ અમરસિંહ**
ઉ.આ.વ. પુખ્ત વયના,
રહે.રબારી વાસ,મુ.હરખજીના મુવાડા,તા.દહેગામ
જી. ગાંધીનગર.

**બાબત : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ :૧૩૮ મુજબની ફરિયાદ.**

ફરીયાદ પક્ષ તરફે વિ.વકીલ શ્રી પી.કે.ભરવાડ
આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી પી.કે.મકવાણા

-: ચુકાદો :-

૦૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી પ્રા.ધંધો કરે છે અને ઉપરોકત સરનામે રહે છે. આ કામના આરોપી અમો ફરીયાદીના મિત્ર પટેલ નૈલેષકુમાર મણીભાઈ પટેલ ઠે.વિજયફાર્મ દહેગામ નાઓ સાથે અવાર નવાર ધનસુરા મુકામે અમારી ઓફીસે આવતા જતા હોય જેથી અમો ફરીયાદીના મિત્ર નૈલેષકુમાર ના લીધે આ કામના આરોપી સાથે પણ મિત્રતાના સબંધો થયેલા એ નાતે અમો ફરીયાદી આરોપીને સારી રીતે ઓળખીએ છીએ. અમો ફરીયાદી પાસે આ કામના આરોપી અમો ફરીયાદીના મિત્ર નૈલેષકુમાર નાઓ સાથે અમારી ઓફીસ ઉપર અવાર નવાર આવતા હતા જેથી આ કામના આરોપી સાથે મિત્રતાના સારા સંબંધો કેળવાયેલા અને આ કામના આરોપીએ અમો ફરીયાદી પાસે તા. ૨૪/૧૦/૨૦૨૪ ના રોજ આવી હાથ ઉછીના પૈસાની માગણી કરેલી ત્યારે અમો ફરીયાદી પાસે પૈસાની સગવડ ન હોવાથી આ કામના આરોપીને અઠવાડીયા પછી પૈસા લઈ જવા જણાવેલ અને પૈસાની સગવડ થતાં અમો ફરીયાદીએ પટેલ નૈલેષકુમાર મણીભાઈ નાઓની સાક્ષીમાં આ કામના આરોપીને તા.૦૨/૧૧/૨૦૨૪ ના રોજ રૂા. ૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પુરા હાથ ઉછીના આપેલા. અને અમો ફરીયાદીએ આ કામના આરોપીને કહેલ કે તમો સદર રૂપિયા પરત કયારે આપશો તો આ કામના

આરોપીએ અમો ફરીયાદીને તે જ દિવસે રૂપિયા ૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરાનો તા.૨૧/૧૧/૨૦૨૪ નો બેંક ઓફ ઈન્ડીયા દહેગામ શાખાનો ચેક જેનો ચેક નં.'૦૯૫૪૯૮' વાળો ચેક અમો ફરીયાદીની રૂબરૂ તમારા સ્વ હસ્તાક્ષરમાં ભરી સહી કરેલો ચેક અમો ફરીયાદીને એવા પાકા ભરોસા અને વિશ્વાસ તથા ખાત્રી અને બાહેંધરી સાથે સહી કરી લખી આપેલ કે જે ચેકની લહેણી રકમ અમો ફરીયાદીને મળી જશે. જેથી અમો ફરીયાદીએ તમારા ઉપર વિશ્વાસ અને ભરોસો રાખીને તમો આરોપીએ આપેલ ચેક સ્વિકારેલો. અમો ફરીયાદીએ પાકતી મુદતે આરોપીએ આપેલ ચેક તારીખ ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ અમો ફરીયાદીની પોતાનુ ખાતુ ચાલતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ધનસુરા મારફતે ચેક કલીયરીંગ સારું ભરતા સદરહું ચેક કલીયરીંગ માટે આરોપીનુ ખાતુ ચાલતી બેંક ઓફ ઈન્ડીયા દહેગામ શાખામાં રજુ થતાં આરોપીનુ ખાતુ ૦૧ ફંન્ડસ ઈનસફીશીયન્ટ' કારણના શેરા સાથે તા.૨૨/૧૧/૨૦૨૪ ના રોજ મેમા સાથે રીર્ટન થતા તેની જાણ અમો ફરીયાદીની ખાતાવાળી બેંકે રીર્ટનમેમા સાથે જાણ કરેલી. અમો ફરીયાદીને આરોપીએ આપેલ ચેક રીર્ટન થતા આ કામના આરોપીને કાયદા મુજબ આપવી પડતી નોટીસ અમારા એડવોકેટશ્રી મારફતે તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ તેમના ઘરના સરનામે આપેલ જે નોટીસ તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. તેમ છતા આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે ફરીયાદીને ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી. જેથી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કરેલ છે,તેમજ આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ કાયદેસર કાર્યવાહી કરવા તથા ચેકની રકમનું પુરેપુરું વળતર તરીકે વસુલ

અપાવવાની માંગણી કરેલ છે.

૦૨) સદર કામે ફરીયાદીની લેખીત ફરીયાદ આધારે, ફરીયાદીનું વેરીફીકેશન લઈ, આરોપી વિરુઘ્ધ પ્રથમદર્શનીય ગુન્હો બનતો હોઈ, આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ હેઠળ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો જવાબ દેવા સારુ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ.જે અનુસંધાને આરોપીને સમન્સની બજવણી થતાં તેમના વિ.વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે. જેથી, ફરીયાદીએ રજૂ કરેલ ફરીયાદની નકલ તથા તમામ આધારભૂત પુરાવાઓની નકલો વિના મુલ્યે આરોપીને પુરી પાડી. સમન્સ ટ્રાયેબલ કેસની કાર્યવાહી મુજબ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ મુજબ સદર કામના આરોપીનું આં ક–૦૭ થી પ્લી નિવેદન લીધેલ છે. જેમાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી. જેથી, ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૦૩) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૦૪ થી ફરીયાદી **અરવિંદકુમાર પરસોત્તમભાઈ પટેલ** નું સરતપાસનું સોગંદનામું રજુ કરી નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

| **અ.નં** | **આંક** | **વીગત** |
|---|---|---|
| ૧ | ૧૪ | આરોપીએ આપેલ ચેક અસલ |
| ૨ | ૧૫ | અસલ પેઈન સ્લીપ |
| ૩ | ૧૬ | બેકનો રીટર્ન મેમો |

| | | |
|---|---|---|
| ૪ | ૧૭ | આરોપીને આપેલ નોટીસની સ્થળપત્ર |
| ૫ | ૧૮ | આરોપીને નોટીસ રજી.એડી. કર્યાની પહોચ |
| ૬ | ૧૯ | આરોપીને નોટીસ બજયાનું સ્ટેટસ દર્શાવતી પોસ્ટની ઓનલાઈન કોપી |

**૦૪)** આ કામે આરોપી હાજર ન રહેતાં હોય આરોપીની સતત ગેરહાજરીના કારણે અત્રેની અદાલત ધ્વારા આંક–૨૫ થી ઉલટતપાસનો હકક બંધ કરેલ છે. અને આંક–૨૭ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે,ત્યારબાદ ફરીયાદીના પુરાવાના અંતે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન નોંધવા માટે કામ રાખેલું, પણ આરોપી હાજર રહેતા ના હોવાથી આંક– ૨૮ થી આરોપીના વધારાનુ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ ત્યાર બાદ સદર કામ દલીલો માટે રાખવામા આવેલ હતુ પરંતુ આરોપી કે આરોપીના વકીલશ્રી દલીલો માટે પણ હાજર રહેલા નહી અને અત્રેની અદાલત તરફથી આંક–૨૯ થી આરોપીનો દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

૦૫) પુરાવો પુર્ણ થયા બાદ ફરીયાદપક્ષે દલીલમાં ફરીયાદની હકીકતોને રીફર કરેલ છે અને જણાવેલ છે કે, ફરીયાદીએ તેની ફરીયાદના સમર્થનમાં આંક–૦૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે તથા આંક–૧૪ થી આંક–૧૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.તે જોતાં આરોપીએ ફરીયાદીને ફરિયાદીનાં કાયદેસરના લેણા પેટે ચેક આપેલ છે.આ ચેક બેંકમાં મથાળે તારીખથી ૩ મહિનામાં રજૂ કરવામાં આવેલ છે. ચેક રજૂ કરવાથી સ્વીકાર્યા વગર પરત આવેલ છે, ત્યારબાદ હાલના ફરીયાદીએ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ–૧૩૮ (બી) ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં નોટિસ આપેલી છે. જે નોટીસ આરોપીને યોગ્ય રીતે બજી ગયેલી હોવા છતાં દિન–૧૫ માં આરોપીએ નોટીસ મુજબ વર્તન કરેલ નથી. આથી ફરિયાદીએ એક માસમાં ફરિયાદ દાખલ કરેલ છે.આમ,ફરીયાદી તરફે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તમામ આવશ્યક તત્વો પુરવાર થયેલા છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ મુજબ વિરુધ્ધનું પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે છે,પરંતુ આ કામે આરોપી તરફે તેમના બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ આરોપીને યોગ્ય નશ્યત કરવા અને ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે અપાવવા વિનંતી કરેલ છે.

જયારે બચાવપક્ષ તરફે કોઈ મૌખિક કે લેખીત દલીલ રજુ કરવા માટે હાજર રહેતા ન હોય,ફરીયાદ પક્ષની આંક– ૨૯ ની અરજી નીચે હુકમ કરી આરોપીનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ હતો.

**૦૬)** સદરહુ કેસના ન્યાયિક નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૫,૦૦,૦૦૦/– હાથ ઉછીના લીધેલ અને તે રકમ વસુલ આપવા માટે આરોપીએ હાલના ફરીયાદીને રૂા.૫,૦૦,૦૦૦/–નો ચેક નંબર– ૦૯૫૪૯૮નો બેંક ઓફ ઈન્ડિયા, દહેગામ શાખાનો તા.૨૧

.૧૧.૨૦૨૪ નો આપેલો અને તે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં જમા કરાવાતાં આરોપીના ખાતામાં પુરતાં નાણાં ન હોય તેવા શેરા સાથે ચેક પરત ફરતા ફરીયાદીએ નિયત સમયમાં નોટીસ આપેલ અને તે નોટીસ બજવા છતાં આરોપીએ તે રકમ નહીં ચુકવતા ફરીયાદીએ નિયત સમયમર્યાદામાં ફરિયાદ દાખલ કરેલ અને તે રીતે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

૦૮) મુદ્દા નંબર : ૧ :-

આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેનો આરોપ છે ત્યારે ફરીયાદપક્ષે વાજબી શંકાથી પર એ હકીકતો પુરવાર કરવી પડે કે,

(૧) ચેક પોતાની જવાબદારી પુરી કરવા અપાયો હોવો જોઈએ.

(૨) ચેક અપુરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

(૩) કલમ-૧૩૮ માં જણાવ્યાં મુજબ પેઈ અથવા ચેક ધારણકરનારે ચેક લખનારને સમય મર્યાદામાં નોટીસ આપી હોવી જોઈએ.

(૪) કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજયાના પંદર દિવસમાં ચેક લખનાર તે રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવા જોઈએ.

ઉપરોકત હકીકતો પ્રસ્થાપિત કરવા માટે ઉભયપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે,આરોપીએ આ કામના ફરીયાદીની તરફેણમાં તા.૨૧.૧૧.૨૪ના રોજનો રૂા.૫,૦૦,૦૦૦/–નો ચેક ઈસ્યુ કરેલ છે જે અસલ ચેક આંક– ૧૪ થી રજુ કરેલ છે, તેમજ આંક–૧૬ નો રીર્ટન મેમો જોતાં ચેક આરોપીના ખાતામાં પુરતાં નાણાં ન હોય તેવા શેરા સાથે પરત ફરેલ છે, તેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ દિન–૩૦ માં નોટીસ આપવી જોઈએ. આંક–૧૭ તથા આંક–૧૮ વાળા આધારો ધ્યાને લેતાં તા.૦૫.૧૨.૨૦૨૪ ના રોજ આરોપીને નોટીસ આપવામાં આવી છે અને તે નોટીસ બજયા અંગેનો આધાર આંક–૧૯ થી રજુ થયેલ છે.ત્યારબાદ નોટીસ મુજબની રકમ ન મળતાં ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે અને તે રીતે હાલની ફરીયાદ નિયત સમયમાં દાખલ કરેલ છે. તે રીતે ટેકનીકલી હાલની ફરીયાદને કોઈ બાધ નડતો નથી. પરંતુ ફરીયાદપક્ષે એ હકીકત પણ પ્રસ્થાપિત કરવાની છે કે આરોપીએ તેની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે હાલનો ચેક ઈસ્યુ કરેલ છે. તે હકીકત પુરવાર કરવા માટે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં પહેલાં અદાલતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેવાની રહે છે, જે નીચે મુજબ છે :

<u>કલમ:–૧૧૮ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ વિષે માની લેવાની બાબત :–</u>

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં

આવશે :–

(એ) અવેજ વિષે :– દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતુ.અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(બી) તારીખ વિષે :– જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખ કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(સી) સ્વીકારના સમય વિષે :–સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને પાકયાની પારીખ પહેલાં વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

(ડી) તબદીલીના સમય વિષે:– કોઈ વટાઉ ખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ઈ) શેરાઓના ક્રમ વિષે:– કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રંમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિષે:– ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ,વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જી) ધારક યથાનુક્રમે ધારક છે એમ માની લેવા વિષે:–કોઈ વટાઉ ખતનો ધારક યથાનુક્રમ ધારક છે, પરંતુ જયરે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી, અથવા તેઓ કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય, અથવા તે ખત

કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાનુક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

કલમ:– ૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ: ૧૩૮માં જણાંવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો.

ઉપરોકત જોગવાઈ તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલો પુરાવો વંચાણે લેતાં ફરીયાદીએ આંક–૦૪ થી પોતાના પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે અને આંક–૧ ની ફરીયાદ મુજબની હકિકતોને દોહરાવી છે જયારે બચાવ પક્ષે ઉલટતપાસ માટે હાજર રહેલ ન હોય બચાવપક્ષનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

૦૯) ઉપરોકત તમામ કાયદાકિય જોગવાઈઓની પશ્ચાદભુમિનાં સદર્ભમાં હવે આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલા પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ અને પૃથ્થકરણ કરવામાં આવે તે પહેલા જોવામાં આવે તો, આ કામે ફરીયાદીનું પુરાવાનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો તેમણે પોતાની આંક–૧ ની ફરીયાદના સમર્થનમાં અને તેની અનુરૂપ સોંગદનામું આપેલ છે તથા અસલ વાદગ્રસ્ત ચેક રજુ કરેલ છે. જે ચેકમાં જોતા ચેક ઈસ્યુ કરનાર તરીકે હાલનાં આરોપીની સહી જોવા મળે છે અને સદર ચેકમાં રકમ રૂા.૫,૦૦,૦૦૦/–

લખવામાં આવેલ છે. જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં વટાવવા માટે રજુ રાખતા ''ફંડ ઈનસફીસીયન્ટ '' શેરા સાથે ચેક પરત ફરેલ હોવાનું જણાવેલ છે.આમ,જોઈએ તો સદર ચેક પાસ કરાવવાની જવાબદારી આરોપીની હોવા છતાં તેઓએ તાકેદારી રાખેલ નથી જેથી સદર ચેક બાઉન્સ થયેલો છે.. ત્યારબાદ સદર ચેક પરત ફરતા ફરીયાદી ધ્વારા પોતાના વિ.વકીલ શ્રી મારફતે લીગલ નોટીસ મોકલાવેલ, જે નોટીસની સ્થળપ્રત પણ રજુ કરેલ છે. જેમાં પણ ફરીયાદમાં જણાવેલી તમામ હકિકતો દર્શાવી આરોપી પાસેથી લેણી રકમની માંગણી કરવામાં આવી છે. આમ, નોટીસ આપવામાં આવી હોવા છતાં પણ આરોપીએ નાણા ચુકવેલ ન હોય, જેથી હાલની ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે.

આમ, આ કામના ફરીયાદી ધ્વારા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની તમામ પ્રક્રિયાઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. આ કામના ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું રજુ કર્યા બાદ આ કામના આરોપીને સદર ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી અને યોગ્ય તક મળેલી હોવાછતાં આ કામનાં આરોપી જાતે કે તેમના વિ. વકીલ શ્રી મારફતે હાજર રહેલા નથી અને ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી. જેથી આ કામે ફરીયાદીએ પોતાના પુરાવાના સોગંદનામામાં જે કાંઈ હકિકતો જણાવેલી છે અને તે હકિકતોના સંદર્ભમાં જે કાંઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે, તે પુરાવાઓની સત્યતાને આરોપી પક્ષ ધ્વારા પડકારવામાં આવેલ નથી. બીજા શબ્દોમાં કહીએ તો ફરીયાદપક્ષ ધ્વારા રજુ રાખવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો આરોપી ધ્વારા પડકારાયા વગર જેમ છે તેમ જ સ્વીકારી લ

ેવામાં આવેલ છે અને તે અંગે ફરીયાદપક્ષે કોઈ તકરાર કે વિરોધ રેકર્ડ ઉપર રજુ રાખેલ નથી. આમ, ફરીયાદીની સરતપાસનું સોગંદનામું રજુ થયા બાદ અને પુરતી તક મળવા છતાં આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવાની તૈયારી બતાવી નથી. તે હકિકત જ સ્વયંમ આરોપીપક્ષની કન્ડકટ અને માનસીકતાનો ચીતાર આપે છે. આમ, આ કામનાં ફરીયાદીની આરોપીપક્ષ દ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવી નથી કે ફરીયાદપક્ષ દ્વારા રજુ રાખવામાં આવેલા દસ્તાવેજોને પડકારવામાં આવેલા નથી.

**૧૦)** આમ, આ કામે જોવામાં આવે તો, આ એકટની કલમ–૧૧૮ મુજબનું વટાવખત બાબતનું,કલમ–૧૧૯ મુજબનું અનાદરના પ્રમાણપત્ર બાબતનું તથા કલમ–૧૩૮ ની જોગવાઈ અન્વયે આવો ચેક કાયદેસરના દેણાની ચુકવણી માટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાકીય જોગવાઈ સદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાને વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા**Mallavarpu Kasivisweswara Rao V. Thadikonda Ramulu Firm & Ors. 2008(8) Scale 680** માં ઠરાવેલ છે.

*" Under Section 118(a) of the Negotiable Instruments Act, the court is obliged to presume, until the contrary is proved, that the promisory note was made for consideration. It is also a settled position that the initial burden in this regard lies on the defendant to prove the non-*

*existence of consideration by bringing on record such facts and circumstances which would lead the Court to believe the non-existence of the consideration either by direct evidence or by preponderance of probabilities showing that the existence of consideration was improbable, doubtful or illegal. ...”*

**૧૧)** ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કલમ–૧૧૮ એ અંગેની ચર્ચા કરેલ છે અને ઠરાવેલ છે કે, આરોપી દ્વારા એ સાબિત કરવાનું રહે છે કે, જે વ્યવહાર થયેલ છે તેનું અસ્તિત્વ નથી તથા તે અંગેનો પુરાવો રજુ કરવાનો રહે છે અથવા તો, જે કંઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવે તે પુરાવા પરથી જો કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો, તે શંકા બાદ જો આરોપી પુરવાર કરે કે, કહેવાતું કોઈ લેણું ફરીયાદી મેળવવા હકકદાર નથી તો ત્યાર બાદ ફરીયાદીએ આવુ લેણું હતું કે કેમ તે પુરવાર કરવાનું રહે છે. તે સિવાય કલમ–૧૧૮(એ) મુજબ વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવાનું રહે છે કે, ચેક અવેજ માટે આપવામાં આવેલ અને તેમાં જયારે પણ સહી કરવામાં આવેલ ત્યારે તે પુરતા અવેજ સાથે સ્વીકારવામાં આવેલ.

**૧૨)** વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાને વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **Rangappa V/S Mohan on 7 May, 2010 Criminal Appeal No. 1020 Of 2010** માં નીચે મુજબ ઠરાવેલ છે.

*22. Because both section 138 and 139 require that the Court 'shall presume' the liability of the drawer of the cheques are drawn, ..., it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused (...).*

*Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court may presume a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable probability of the non-existence of the presumed fact.*

૧૩) ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કલમ–૧૩૮ તથા ૧૩૯ અંગેની ચર્ચા કરેલ છે. અને ઠરાવેલ છે કે,નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે આરોપી દ્વારા ફરીયાદીને ચેક આપવામાં આવેલ

અને તે ચેક બેંકમાં જમા કરાવ્યેથી જો તે રીટર્ન થાય તો, તે અંગેની જાણ થયેથી ફરીયાદી ધ્વારા આરોપીને નોટીસ આપવાની રહે છે. તે નોટીસ મળ્યેથી જો આરોપી નોટીસનો અમલ ન કરે તો, ફરીયાદી તે અંગેની ફરીયાદી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરી શકે છે અને કલમ–૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની રહે છે અને ફરીયાદી ધ્વારા રજુ રાખવામાં આવેલ પુરાવા તથા જરૂર પડયેથી આરોપી પોતાના પુરાવા રજુ રાખીને જો એવું પુરવાર કરે કે, ચેકમાં દર્શાવેલ રકમ મુજબનું ફરીયાદીનું કાયદેસરનું લેણું ન હતુ અથવા તો ફરીયાદી ચેકમાં દર્શાવેલ રકમ કાયદેસર રીતે, મેળવવા હકકદાર નથી તો ત્યારબાદ તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર શીફટ થાય છે. આથી તે સંદર્ભે કલમ–૧૩૯ મુજબનું અનુમાન જોવામાં આવે તો જયાં સુધી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી તે બાબત અસ્તિતવમાં છે તેવું અદાલતે અનુમાન કરવાનું છે અગર તો માની લેવાનું છે. વધુમાં જોઈએ આ કામે કાયદાકીય અનુમાનો ફરીયાદીની તરફેણ કરે છે તે નકકર હકિકત છે. પરંતુ, સાથો સાથ એ પણ હકિકત છે કે, એકટની કલમ–૧૩૯ થી જે અનુમાન કરવામાં આવેલ છે તે '' વિપરીત પુરવાર ન થાય ત્યાં સુધી '' તેવા શબ્દોથી શરૂ થાય છે. મતલબ કે જો આરોપી ફરીયાદીની ફરીયાદની હકિકતોથી કોઈ વિપરીત હકિકત અસ્તિત્વમાં હોવાનું કરી બતાવે અથવા ફરીયાદીની ફરીયાદીની હકિકતો અસ્તિત્વમાં હોવા બાબતે કોઈ બુધ્ધિગમ્ય શંકા ઉત્પન્ન કરી બતાવે તો પણ આ એકટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન થયુ ગણાય છે. આમ, કલમ–૧૩૯નું અનુમાન તે ખંડનાત્મક છે અને તેને માટે આરોપીએ કોઈ પુરાવો આપવાની જરૂર

પણ નથી. ફકત આરોપીએ ફરીયાદીની હકિકતો પર સામાન્ય જ્ઞાન ધરાવતો માણસ પણ શંકા કરી બેસે તેટલી જ હકિકતો રેકર્ડ પર લાવવી જરૂરી બને છે.પરંતુ, આ ત્યારે જ શકય બને કે જયારે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવે અથવા તો આરોપી એવો કોઈ પુરાવો રજુ રાખે.

**૧૪)** આથી આ એકટની કલમ–૧૩૯ મુજબનું ખંડન કરવામાં આરોપી સફળ નીવડેલ છે કે કેમ તે બાબતે જોવામાં આવે તો, આ કામનાં આરોપીએ એકટની કલમ–૧૩૯ મુજબનાં અનુમાનનું ખંડન કરવા માટે કોઈ પ્રયત્ન કરેલો નથી.આ કામે આરોપીએ ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી કે ફરીયાદીએ રજુ રાખેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી વિપરીત હકિકત બાબતે બુધ્ધિગમ્ય શંકા ઉત્પન્ન થાય તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર ઉપસાવી શકેલ નથી. આમ, આ કામે આરોપીએ પોતાનો કોઈ બચાવ રજુ રાખેલો નથી.

**૧૫)** આમ, હવે જોવામાં આવે તો, આ કામનો તકરારી ચેક આરોપીના ખાતામાં નાણાંની પુરતી વ્યવસ્થા ના કરવાથી (પુરતા નાણાં નથી) તેવા કારણોસર વણચુકવ્યે પરત થયેલ છે.આ હકિકતની જાણ ફરીયાદીએ આરોપીને સ્ટેચ્યુટરી નોટીસના માધ્યમથી કરેલી છે. તેમ છતાં આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલો નથી અને મહત્વની હકિકત એ કે ફરીયાદીની લેણી રકમ ચુકવેલ પણ નથી. જો ખરેખર આરોપીથી માત્ર શરતચુકથી આવો ચેક ઈસ્યુ થયેલો હોત તો,ફરીયાદીની નોટીસ મળ્યા બાદ આરોપીએ કાં તો ફરીયાદીને બીજો ચેક આપેલો હોત, અથવા ફરીયાદીની લેણી રકમ ચુકવી આપી હોય,પરંતુ,હાલના કિસ્સામાં ફરીયાદીએ ચેક પરત ફરેલ હોવાની હકિકત લીગલ નોટીસ

મારફતે આરોપીને જણાવેલી હોવા છતા આરોપીએ આવી કોઈ કાર્યવાહી કરી નથી. જે જોતા તે સ્પષ્ટ થઈ જાય છે કે, આરોપીની આ ભુલ કોઈ શુધ્ધબુધ્ધિપુર્વકની કોઈ ભુલ નથી પરંતુ, પરીણામોની વિચારણા કર્યા બાદ પુરતી જાણકારી સાથે આરોપી ધ્વારા જાણી જોઈને આ ભુલ કરવામાં આવેલી છે. આ હકિકત જોતાં આ કામે આરોપી ધ્વારા હાલનો આ ચેક ફરીયાદીને આપેલ હોવાની હકિકત સ્પષ્ટ થાય છે.વળી,એકટની કલમ–૧૩૮ મુજબ સદર ચેક કાયદેસરના દેણા કે જવાબદારી પેટે આપવામાં આવેલો ન હતો તેવું અનુમાન દોરી શકાય તેવી કોઈ હકિકત આરોપી ધ્વારા રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ નથી અને તે રીતે આ કામે એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું આરોપી પક્ષ ધ્વારા કોઈ ખંડન પણ કરવામાં આવેલ નથી.

૧૬) હવે જોવામાં આવે તો, આ કામે આરોપીને ફરીયાદપક્ષના પુરાવાની સત્યતાને પડકારવાની તક બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ ના વિશેષ નિવેદનનાં માધ્યમથી મળેલી હતી. પરંતુ, આરોપીએ જાતે જ ગેરહાજર રહીને આ તક ગુમાવી છે. તે જ રીતે આરોપીએ ફરીયાદી ધ્વારા આપવામાં આવેલી લીગલ નોટીસનો પણ કોઈ જવાબ આપેલ નથી કે તે સંદર્ભે કોઈ તકરાર ઉઠાવી નથી. જેથી હાલનો વાદગ્રસ્ત ચેક જે તે સમયે કાયદેસરના લેણા માટે આપેલ હોવાનું પુરવાર થતુ હોવાનું આ અદાલતનું માનવાનું થાય છે.

૧૭) આમ, આ એકટની કલમ–૧૩૯ નાં ખંડન માટે હાલના કેસમાં આરોપી ધ્વારા એવો કોઈ પુરાવો આપેલ નથી કે જેનાથી ફરીયાદીનું કાયદેસરનું કોઈ લેણું નથી તેવું માનવા માટે અદાલત પ્રેરાય. ફરીયાદી ધ્વારા આરોપીએ આપેલ ચેક બેં કમાં જમા કરાવતા પરત થયેલ હોવાનું તથા તે ચેક પરત થવાનું કારણ

આરોપીના ખાતામાં પુરતાં નાણાં નથી તથા આરોપીને નોટીસ આપેલ હોવાનું પુરવાર કરેલ છે. જયારે આ કામે આરોપી એવી હકિકત લાવી શકયા નથી કે જેનાથી ફરીયાદીના કેસ પર વાજબી શંકા ઉત્પન્ન થઈ શકે. બીજા શબ્દોમાં કહીએ તો, આ કામનાં આરોપી એકટની કલમ–૧૩૯ નાં અનુમાનનું ખંડન કરવામાં ચોકકસપણે નિષ્ફળ જતાં દેખાઈ રહયા છે. તેવા સંજોગોમાં ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ એકટની કલમ–૧ ૩૮ મુજબનો ગુન્હો પુરવાર કરેલ હોવાનું ફલીત થાય છે.

૧૮) હવે રેકર્ડ ઉપરની બીજી એક મહત્વની હકિકત જોઈએ તો, આ કામના આરોપી પોતાના પર આ અદાલતમાં આ કેસ ચાલે છે તે હકિકતથી વાકેફ છે અને સમન્સની બજવણી બાદ તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ અદાલતમાં હાજર થયા અને આંક– ૦૭ થી તેમનુ નિવેદન નોંધવામાં આવેલ હતુ. ત્યાર બાદ સદર કામ આરોપી પક્ષે ઉલટતપાસ માટે રાખવામા આવેલ હતુ પણ આરોપી તરફે ઉલટ તપાસ કરવામા આવેલ નથી. અને તા. ૩૧/૧૨/૨૫ ના રોજ આરોપીએ આંક–૨૩ થી મુદત અરજી આપી સદરહુ કામે રુપીયા બે લાખ ફરીયાદીને ચુકવી આપવાની બાંહેધરી આપી મુદતની માંગણી કરેલી છે. તથા આ કામે આંક–૩૦ થી ફરિયાદીએ પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓની લેણી રકમ પૈકી કુલ રૂ.૩,૦૦,૦૦૦/– આરોપીએ ચુકવી આપેલ છે. આમ જો આ અરજીની હકીકતને ધ્યાને લેવામાં આવે તો પણ એ માનવાને કારણ ઉપસ્થીત થાય તેમ છે કે આ લહેણુ એ કાયદેશર હતુ કારણ કે જો ફરીયાદી પાસે આરોપીએ આવી કોઈ રકમ લીધેલ ના હોય તો શા માટે તે રકમ ચુકવી આપવા સહમતી બતાવે આમ હાલનો વહેવાર ફરયાદી અને આરોપી વચ્ચે કાયદેશરના લહેણા પેટે થયેલ હોવાનુ માની શકાય તેમ છે વધુમાં આરોપી સતત ગેર હાજર રહેતા હોવાથી હાલનો કેસ તા.૦૯/૦૧/૨૬

ના રોજથી બીન જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવાની કોર્ટને ફરજ પડી હતી. આમ,આરોપી અદાલત સમક્ષ હાજર રહેલા નથી. આમ, જાણી જોઈને ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહેલ નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આરોપીની ગેરહાજરીના કારણે હાલનો આ કેસ વોરંટ બજવણીના તબકકે ચાલતો આવેલો છે. આ સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કહી શકાય કે કેમ તે બાબતે જોવમાં આવે તો, કોઈ સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા અવનવી તરકીબો અજમાવતા હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે છે તેમજ બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૨(૬) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અદાલ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકે છે. ***<u>Be You Ever So High, But The Law Is Above You.</u>*** કાયદાથી ઉપર કોઈ નથી. આરોપીને બચાવની તક આપવી જોઈએ અને આ જોગવાઈ તેને રક્ષાત્મક જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે. પરંતુ, આરોપી ખાસ કરીને નેગોશ્યેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તેનો હથિયાર તરીકે ઉપયોગ કરી કાયદાકિય પ્રક્રિયાને નિષ્ક્રીય અથવા તો શીથીલ બનાવવાનો પ્રયત્ન કરે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **<u>Sharad Jethalal Salva V/S State of Gujarat Cr. Mic. App. 19862 of 2015 Dt. 14/11/2016</u>** માં નીચે મુજબ ઠરાવેલ છે.

> <u>***Para 16** : "if a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentenced by the criminal court. Such an incident only makes the justice delivery*</u>

*system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime must suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravene the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the Courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor, whether one is powerful or powerless, the criminal law is equally applied to all equally.*

***Para 17** : "Be you so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the Indian Constitutional context. The purposes of the Constitutional itself is to equalise the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and the ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the state, the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory of the counsel at the altar*

*of justice. The Court must and ought to take a serious view of such bizarre incidence: be it one in million. Of course, the law makers and law enforcers must willingly assist the Court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters (Judges and Courts).*

**૧૯)** ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર રહેવાની અને કાર્યવાહી આગળ વધારવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતા આરોપી હાજર રહેલ ન હોય તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય, ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે છે અને ચુકાદો પણ જાહેર થઈ શકે છે.

**૨૦)** વધુમાં આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવા બાબતે ક્રિમીનલ પ્રોસીઝર કોડમાં કરવામાં આવેલ જોગાવાઈ વંચાણે લેતાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**Section 392. Judgment**

(7) No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader

on the day or from the place notified for the delivery thereof, or of any omission to serve, or defect in serving, on the parties or their pleaders, or any of them, the notice of such day and place.

**Section 458. Execution of sentence of imprisonment**

(1) Where the accused is sentenced to imprisonment for life or to imprison for a term in cases other than those provided for by section 413, the Court passing the sentence shall forthwith forward a warrant to the jail or other place in which he is, or is to be, confined, and, unless the accused is already confined in such jail or other place, shall forward him to such jail or other place, with the warrant :

Provided that where the accused is sentenced to imprisonment till the rising of the Court, it shall not be necessary to prepare or forward a warrant to a jail, and the accused may be confined in such place as the Court may direct.

(2) Where the accused is not present in Court when he is sentenced to such imprisonment as is mentioned in subsection (1), the Court shall issue a warrant for his arrest for the purpose of forwarding him to the jail or other place in which

he is to be confined; and in such case, the sentence shall commence on the date of his arrest.

**૨૧)** ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ વધી શકે છે તથા ચુકાદો જાહેર થઈ શકે છે તેવી હકિકત પ્રસ્થાપિત થયેલી હોવાનું ફલીત થાય છે.

આથી આ કામે ઉભયપક્ષે રજુ રાખેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓના તુલનાત્મક વિશ્લેષણ તથા પૃથ્થકરણ અને મુલ્યાંકન કરતા આ કામના આરોપીએ હાલના ફરીયાદીને આ કામનો તકરારી ચેક આપેલ હોવાની અને તે ચેક વણચુકયે પરત થતા આરોપીને ફરીયાદીએ સ્ટેચ્યુટરી નોટીસ મોકલી હોવાની અને તે નોટીસ બજી જવા છતાં આરોપી ધ્વારા તે નોટીસને અનુસરીને ફરીયાદીને તેમની લેણી રકમ આરોપીએ ચુકવેલ ન હોવાની હકિકત કડીબધ્ધ રીતે પુરવાર થતી જણાય છે. જયારે આ હકિકતોના ખંડન માટે પુરતી તક મળવા છતા આરોપીપક્ષે મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ નથી તથા આ એકટ અન્વયેના ફરીયાદીના દસ્તાવેજો અંગેના અનુમાનનું ખંડન કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ નિવડતો જણાતો હોય અને આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ ફરીયાદપક્ષ સફળ રીતે પુરવાર કરી શકતો હોવાનું જણાય આવતું હોય જેથી આ કામનાં આરોપીએ આ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો આચરેલ હોવાના મંતવ્ય પર આ અદાલત આવતી હોય જેથી મુદા નં. ૧

નો જવાબ હકારાત્મક ઠરાવી આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૃમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનાં ગુન્હાના કામે તકિસરવાન ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.(૧) નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.(૨) સબંધે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**-:: હુ ક મ::-**

**૧.**આ કામના આરોપી : **ચૌહાણ વજેસિંહ અમરસિંહ** રહે.રબારી વાસ,મુ.હરખજીના મુવાડા,તા.દહેગામ જી. ગાંધીનગરનાઓને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ- ૨૭૮(૨) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંન્ને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

આજરોજ તારીખ-૦૯, માહે- એપ્રિલ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લીઅદાલત મા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

મુ.ધનસુરા. (કુ.સબા સૈયદ)
તા. ૦૯/૦૪/૨૦૨૬ જયુડીશીયલ .મેજી.ફર્સ્ટ કલાસ.
ધનસુરા
કોડ નં.જી.જે.૦૧૫૭૮

**સજા બાબતે સાંભળ્યા:-**

**(૨૨)** હાલના કામે ફરીયાદી હાજર છે તથા તેમના વિ.વકીલશ્રી હાજર છે. ફરીયાદીના વિ.વ શ્રીને સાંભળ્યા.તેમજ આરોપી હાજર નથી ,આરોપી તરફે કોઈ

રીપોર્ટ રજૂ કરેલ નથી કે આરોપીના વિધ્વાન વકીલશ્રી પણ હાજર નથી.આથી સજા અંગે આરોપી તરફે સાંભળવામાં આવેલ નથી.

**૨૩)**. ફરીયાદી તરફે વિ.વકીલશ્રીની એવી રજુઆત છે કે,હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે ચેક રિટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે..સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે તેથી આરોપીને કાયદા મુજબની મહત્તમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

**૨૪)** ફરીયાદ પક્ષની દલીલો સાંભળ્યા,કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતાં આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે લોકોનું બેંકિંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈઅ તેમ આ અદાલતનું માનવું છે કારણકે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળનો લ ેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છ અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેંકિંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે લોકો ચેકોનો બેફામ દુરપયોગ કરતા અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

**૨૫)** હાલના કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લઈએ તો આરોપીએ ફરીયાદી પાસેથી રકમ રૂા.૫,૦૦,૦૦૦/–જેટલી મોટી રકમ હાથ ઉછીની લીધેલ હતી અને તેના સામે ચેક આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ.

**૨૬)** આમ,આરોપીની દાનત,રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણુક લક્ષે રાખી તેમને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતું નથી. તે ઉપરાંત આ અદાલતે –ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ –૧૮૮૧ ની કલમ –૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

**૨૭)** ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ **નામદાર સર્વોચ્ચ અદાલતે બિરસિગ વિ.મુકેશકુમાર ક્રિમીનલ અપીલ નં. ૨૩૦–૨૩૧–૨૦૧૯** ના ચુકાદાની હકીકતો લક્ષે લીધેલ છે. જેમાં સજા કરતી વખતે દંડ ચુકવાનો આદેશ દૂર કરેલ હતો. પરંતુ, વળતર ચુકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચુકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચુકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમાં,**નામદાર કેરાલા હાઈકોર્ટના એમ.વી.નલીન કહાન એમ.મેશન,૨૦૦૯ ક્રિમિનલ લો જનરલ પાના નં.–૧૭૦૩** ના ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ તથા ક્રિમીનલ પોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચિત જણાતું નથી. તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આંક:૧૩ વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકતો ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪ (૨) જી.એલ.એચ. પાના નં.૨૯ આર.સી.મહેતા વિરુધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લિ.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ –૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા બી.એન.એસ.એસની કલમ–૨૩(૨) ની

જોગવાઈ ધ્યાને લઈને અદાલત મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરે છે.

**-:: આ ખ રી હુ ક મ::-**

૧. આ કામના આરોપી: **ચૌહાણ વજેસિંહ અમરસિંહ** રહે.રબારી વાસ,મુ.હરખજીનામુવાડા,તા.દહેગામજી.ગાધીનગરનાઓને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ- ૨૭૮(૨) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામાં આરોપીને ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ-૩૯૫(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા પાંચ લાખ પુરા)ની ફરીયાદીની આંક- ૩૦ ની પુરસીસ આધારે ફરીયાદીને મળી ગયેલ રકમ રુપીયા- ૩,૦૦,૦૦૦/- બાદ કરતા બાકી રહેતી રકમ રુપીયા- ૨,૦૦,૦૦૦/- બે લાખ ની દોઢ ગણી રકમ ફરીયાદીને વળતર પેટે બે માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ બે માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

૩.આ કામના આરોપીએ જો સજા ભોગવેલ હોય તો, બી.એન.એસ.એસ.ની કલમ- ૪૬૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૪. સદર કામમાં આરોપી ઘણા લાંબા સમયથી નામ. કોર્ટમા હાજર રહેતા ના હોય અને આજરોજ પણ હાજર ના હોય આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ મુજબ ચુકાદાની ખરી નકલ હવે ભવીષ્યમા આરોપી મળી આવે પુરી પાડવાની રહેશે..

૫. આ કામને આરોપી તરફે જો કોઈ જામીન રજુ કરવામાં આવેલ હોય તો તે રદ્દ કરવામાં આવે છે.

૬. આરોપીની ગેરહાજરીમાં બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ–૩૯૨ (૭) મુજબ હુકમ જાહેર કરવામાં આવેલ હોય આરોપી વિરૂધ્ધ તારીખ વગરનુ ઘરપકડ વોરંટ ઈશ્યુ કરવુ અને પકડાઈ આવેથી સજાના અમલ માટે મોકલી આપવા.

આજરોજ તારીખ– ૦૯, માહે– એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

મુ.ધનસુરા.
તા. ૦૯/૦૪/૨૦૨૬

(કુ.સબા સૈયદ)
જયુડીશીયલ .મેજી.ફર્સ્ટ કલાસ.
ધનસુરા
કોડ નં.જી.જે.૦૧૫૭૮